મહત્તમ : ૩૭.૬ ડીગ્રી
લઘુતમ : ૨૬.૮ ડીગ્રી
ભેજ
સવારે ૭૮ ટકા ● સાંજે ૪૯ ટકા
ગાંધીનગર તાપમાન

સે-૨૧ના મુખ્ય બજારમાં ચોરી થતા વેપારી આલમમાં ભય

મોબાઈલની દુકાનમાં તસ્કરો ત્રાટકયા : એમઆઈ કંપનીના વિવિધ મોડલના ૨૫ નંગ મોબાઈલ તેમજ એસેસરીઝ મળી કુલ રૂ.૪.૧૬ લાખની મત્તાની ચોરી થઈ હોવાની ફરીયાદ

ગાંધીનગર, તા.૨

શહેરના સેકટર-૨૧ શોંપીગ સેન્ટર ખાતે આવેલી ચંદન એન્ટરપ્રાઈઝ દુકાનમાં રાત્રીના સમયે તસ્કરો ત્રાટક્યા હતા. દુકાનનું શટર ઉંચુ કરીને તસ્કરોએ અંદર પ્રવેશી વિવિધ કંપનીના ૨૫ મોબાઈલ અને એસેસરીઝ ઉઠાવી ગયા છે. શહેરના સેકટર-૨૧ના મુખ્ય બજારમાં ચોરી થતા વેપારી આલમમાં ભય ફેલાયો છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ ગાંધીનગર શહેરમાં છેલ્લા કેટલાક સમયથી વાહનચોરી અને ઘરફોડીયાઓએ તરખાટ મચાવ્યો છે. શહેરમાં રાત્રી કર્ફયુ અને નાઈટ પેટ્રોલીંગ વચ્ચે પણ ચોરીને અંજામ આપી તસ્કરો સિફતપૂર્વક નીકળી જાય છે. શહેરમાં ગંભીર ગુનાઓ બનતા વેપારી માટે દુકાનોમાં સીસીટીવી કેમેરા ફરજીયાત કરી દેવામાં આવ્યા છે. ત્યારે કેમેરા હોવા છતા પણ તસ્કરો બેખૌફ બનીને પોતાનું ટાર્ગેટ પાર પાડે છે. શહેરની જાણીતી ચંદન એન્ટરપ્રાઈઝ દુકાનમાં રાત્રીના સમયે ચોર શખ્સો ત્રાટકી ને મોબાઈલ ચોરી નાસી જતા પોલીસ ફરીયાદ થવા પામી છે. અમદાવાદના આંબાવાડી વિસ્તારમાં શ્રી સોસાયટી બંગલા નં.૪ પંચવટી લેન-૨ ખાતે રહેતા મુકેશભાઈ લક્ષ્મીચંદ શાહ સેકટર-૨૧ ખાતે આર વર્લ્ડ ની બાજુમાં ચંદન એન્ટરપ્રાઈઝ નામથી એમઆઈ કંપનીના મોબાઈલ ફોન, મોબાઈલ ફોનની એસેસરીઝ અને એલઈડી શોરૂમ ધરાવે છે. જયાં મુકેશભાઈ અને તેમના નાના

ભાઈ નલીનભાઈ વેપાર કરે છે. ગતરોજ તા.૩૦ ના રોજ રાત્રીના ૮ વાગે દુકાન બંધ કરીને ઘરે ગયા હતા. જયારે સવારે તેમના નાના ભાઈ નલિનભાઈને ફોન કરીને જણાવ્યું હતુ કે શો રૂમનું શટર સહેજ ઉંચુ કરી ચોરી કરી હોવાનું ધ્યાને આવ્યું છે. દુકાનમાં સીસીટીવી હોવાથી મુકેશભાઈએ તેમના દિકરા બિજલના ફોનમાં શો રૂમના ઓનલાઈન ફુટેજ ચેક કર્યા હતા. જેમાં એક તસ્કર શટર સામાન્ય ઉંચુ કરીને અંદર પ્રવેશી ચોરીને અંજામ આપતો હોવાનું લાગી રહ્યું હતું. બનાવ અંગે મુકેશભાઈએ એમઆઈ કંપનીના વિવિધ મોડલના ૨૫ નંગ મોબાઈલ તેમજ એસેસરીઝ મળી કુલ રૂ.૪.૧૬ લાખની મત્તાની ચોરી થઈ હોવાની ફરીયાદ નોંધાઈ છે. જયારે દુકાન બહાર સીસીટીવી કેમેરો ફીટ કરાયો છે, તે કાર્યરત નથી. તો બીજીબાજુ તસ્કરે પણ કબાટની આડમાં રહીને ચોરીને અંજામ આપ્યો છે. ત્યારે દુકાનની અંદર કોઈ સામાન વેર-વિખેર થયો નથી તેથી તસ્કરો દુકાનથી પરિચિત હોવાનું પ્રાથમિક રીતે લાગી રહ્યું છે. બનાવ અંગે સેકટર-૨૧ પોલીસ મથકે ફરીયાદ નોંધાતા પોલીસે ચોર શખ્સોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

શહેરમાં ટ્રેનની અડફેટે યુવકનું મૃત્યુ

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર શહેર નજીક આવેલા વાવોલ ગામ પાસેથી પસાર થતા રેલ્વે ટ્રેક ઓળંગી રહેલ યુવક અચાનક ટ્રેનની અડફેટે આવી જતા યુવકનું મૃત્યુ નિપજયું હતું. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સુત્રો મુજબ મળતી માહિતી મુજબ વાવોલ ગામમાં ચાલી રહેલી બાંધકામ સાઈટ પર દાહોદ જિલ્લાના ધાનપુર તાલુકાના નળુ ગામના ૪૦ વર્ષિય યુવક ગણપત ઉકેડભાઈ બારીયા મજુરી કામ માટે આવ્યા હતા. દાહોદ થી યુવકે પખવાડીયા પહેલા જ રોજીરોટી માટે ગાંધીનગરની વાટ પકડી હતી. વાવોલ ખાતે બાંધકામની સાઈટ પર યુવકને મજુરી કામ મળી ગયુ હતું. દિવસે મજુરી કરીને થાકી ગયેલ યુવક રાત્રીના સમયે વાવોલમાંથી પસાર થતા રેલ્વે ટ્રેક તરફ ગયો હતો. ત્યારે રાત્રીના સમયે યુવક ટ્રેક ઓળંગી રહ્યો હતો તે સમયે ટ્રેન આવતા તેની અડફેટે આવી ગયો હતો. જેમાં યુવક નીચે પડી જતા તેના ઉપરથી ટ્રેન પસાર થઈ ગઈ હતી. બનાવ અંગે પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

સેકટર-૧૧ રામકથા મેદાનમાં કોસ્ટગાર્ડમાં પસંદ થયેલા ઉમેદવારોની ફીઝીકલ ફીટનેસ અંગેની તાલીમ યોજાઈ રહી છે. દેશભરમાંથી પસંદગી પામેલા ઉમેદવારો તેમાં ભાગ લઈ રહ્યા છે. મોટાભાગે પંજાબ, યુપી અને બિહાર જેવા રાજયોમાંથી પસંદ થયેલા આ યુવાનોમાં અનેરો ઉત્સાહ જોવા મળી રહ્યો છે. જો કે કમનસીબીની વાત એ છે કે આ યુવાનોમાં એક પણ યુવાન ગુજરાતનો નથી. કોસ્ટગાર્ડનું વડુમથક લેકાવાડા ખાતે આકાર પામી રહ્યું છે.

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલમાં કલર્સ ડે સેલિબ્રેશન કરવામાં આવ્યું

ગાંધીનગર, તા.૨

વેદ ઈન્ટરનેશનલ સ્કૂલના નાનકડા ભૂલકાઓ વિવિધ પ્રકારના રંગો વિશે જાણે અને દરેક રંગોની ઓળખ તેમને થાય તે હેતુથી શાળામાં કલર્સ ડે સેલિબ્રેશન યોજાઈ ગયું. આખા અઠવાડિયા દરમિયાન દરરોજ અલગ-અલગ ડે ની ઉજવણી કરવામાં આવી. જેમાં જે- તે કલરને અનુલક્ષીને તે પ્રમાણે ડ્રેસ, હેલ્ધી ફૂડ, રમકડા, તથા કલરને અનુરૂપ ચીજવસ્તુઓ ની ઓળખ કરાવવામાં આવી હતી. ફેકલ્ટીઝ દ્વારા કલર્સને અનુસાર વિવિધ પ્રકારની પોયમ તથા વાર્તાઓ કહેવામાં આવી હતી. અને વિવિધ રંગો શેના પ્રતિક છે તે પણ સમજાવવામાં આવ્યું હતું. જેમાં વાલીઓએ ખૂબ જ સારો સહકાર આપ્યો હતો અને બાળકોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો અને વિવિધ રંગોના રંગે વેદ ઈન્ટરનેશનલ શાળાના બાળકો રંગાયા હતા.

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરાયું

ગાંધીનગર, તા.૨

લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર દ્વારા તાજેતરમાં વૃક્ષારોપણનાં કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. કુડાસણ સ્થિત શુકન સ્કાય સોસાયટી અને લાયોનેસ કલબના સંયુકત ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં કુલ ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું. લાયોનેસ કલબના પ્રમુખ નીતા રાણાએ આ અંગે માહિતી આપતાં જણાવ્યું હતું કે આવનાર દિવસોમાં હજુ બીજા ૧૦૦ જેટલા વૃક્ષોનું વાવેતર શુકન સ્કાય સોસાયટી સાથે મળીને કરવામાં આવશે. પ્રથમ તબક્કામાં સોસાયટીની સામેના ભાગમાં અને પાછળના રોડ ઉપરનાં ડીવાઈડર ઉપર વૃક્ષો વાવવામાં આવ્યા હતા.

પ્રથમ તબક્કાનાં આ વૃક્ષારોપણનાં કાર્યક્રમમાં લાયોનેસ કલબના પ્રમુખ નીતા રાણા, સેક્રેટરી ઉષા ટાટુ સહિત લાયોનેસ કલબના સભ્યોએ બહોળી સંખ્યામાં હાજર રહી તમામે સ્વહસ્તે વૃક્ષારોપણ કર્યું હતું. વૃક્ષોના વાવેતર બાદ સુંદર કયારીઓ કરી પાણીનું સિંચન પણ કરવામાં આવ્યું હતું. અત્રે એ ઉલ્લેખનીય છે કે સોસાયટી દ્વારા વૃક્ષોનાં નિયમિત જતન માટે એક માળીની વ્યવસ્થા પણ કરવામાં આવી છે. આથી આ વૃક્ષો નિશ્ચિતરૂપે વિકસિત થશે અને તેનાથી પર્યાવરણને લાભ થશે.

સંસ્કૃત સાહિત્ય અકાદમીના વર્ષ ૨૦૧૮ના શ્રેષ્ઠ પુસ્તકોમાં ગાંધીનગરના બે સર્જકોનો સમાવેશ

ગાંધીનગર, તા.૨

ગુજરાત સાહિત્ય અકાદમી અંતર્ગત સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા સંસ્કૃત ભાષા-સાહિત્યના વર્ષ ૨૦૧૮ના શ્રેષ્ઠ પુસ્તક પારિતોષિક જાહેર કરવામાં આવ્યા છે. આ પારિતોષિક વિજેતાઓમાં ગાંધીનગરના બે સર્જકોનો સમાવેશ થયો છે. જેમાં વરિષ્ઠ સંસ્કૃત વિધ્વાન અંબાલાલ પ્રજાપતિ તેમજ નિવૃત્ત અધ્યાપિકા યોગીની એચ. વ્યાસનો સમાવેશ થાય છે.

સંસ્કૃત સાહિત્ય અકાદમી દ્વારા જાહેર કરાયેલા સંસ્કૃત ભાષા સાહિત્યના વર્ષ ૨૦૧૮ના શ્રેષ્ઠ પુસ્તકોમાં કવિતા વિભાગમાં વરિષ્ઠ સર્ક અંબાલાલ પ્રજાપતિના 'શ્રી નરેન્દ્ર વિજય મહાકાવ્યમ'ને રૂ. ૧૧ હજારનું પ્રથમ પારિતોષિક જાહેર કરાયું છે તેમજ અનુવાદ વિભાગમાં શહેરના નિવૃત્ત અધ્યાપિકા યોગિની એચ. વ્યાસના પુસ્તક આચાર્ય દંડી વિરચિત 'કાવ્યા દર્શ'ને પણ રૂ. ૧૧ હજારનું પ્રથમ પારિતોષિક વિજેતા જાહેર કરવામાં આવ્યું છે. અત્રે ઉલ્લેખનીય છે કે અંબાલાલ પ્રજાપતિ ઉત્તર ગુજરાત યુનિવર્સિટીમાં સંસ્કૃત વિભાગના ડીન રહી ચુકયા છે અને હાલ તેઓ સંસ્કૃત ભારતી સંસ્થાના પ્રમુખ છે. સંસ્કૃતના સંરક્ષણ અને સંવર્ધન માટે તેમનું યોગદાન બહુમૂલ્ય છે. યોગિની એચ. વ્યાસ ગાંધીનગરના કડી સર્વ વિદ્યાલય સંલગ્ન ઉમા આર્ટસ એન્ડ નાથીબા કોમર્સ કોલેજમાં અધ્યાપિકા તરીકે સેવા આપી ચુકયા છે.

એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળામાં ઓનલાઈન સિલાઈ વિના માસ્ક બનાવવાની પ્રવૃત્તિ યોજાઈ

ગાંધીનગર, તા.૨

સર્વ વિદ્યાલય કેળવણી મંડળ સંચાલિત શ્રીમતી એમ.બી. પટેલ કન્યા પ્રાથમિક શાળા સેકટર-

૨૩માં સહ અભ્યાસિક પ્રવૃત્તિના ભાગ રૂપે ધોરણ-૫ની વિદ્યાર્થીની બહેનોએ સિલાઈ વગર માસ્ક બનાવીને અને તેના ફોટોગ્રાફકસ મોકલી તેમના ઉત્સાહને જીવંત રાખ્યો હતો. આ પ્રવૃત્તિનું આયોજન શાળાના સુપરવાઈઝર સંગીતાબેન પટેલના માર્ગદર્શન હેઠળ નિમિષાબેન પટેલે કર્યું હતું તથા શાળાના પ્રિન્સિપાલ નીરુબેન પટેલે વિદ્યાર્થીની બહેનોને અભિનંદન પાઠવ્યા હતા.

એસ.એસ.વી. શાળામાં આંતરરાષ્ટ્રીય ડોકટર્સ ડેની ઉજવણી

ગાંધીનગર, તા.૨

ડોકટર્સનું આપણા જીવનમાં અમૂલ્ય યોગદાન છે. ડોકટરના પ્રયત્ન અને ભૂમિકાને યાદ રાખવા માટેનો દિવસ એટલે 'ડોકટર દિવસ'. ડોકટરના

યોગદાનની પ્રશંસા કરવા અને તેમનું સન્માન કરવા આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. ભારતમાં ૧લી જુલાઈ ૧૮૪૨ એ જન્મેલ અને ભારત રત્નથી સન્માનિત એવા ડૉ. બિધાનચંદ્ર રોયના માનમાં આ દિવસની ઉજવણી કરવામાં આવે છે. કોરોનાકાળમાં ડોકટરોએ પોતાના જીવની પરવા કર્યા વિના કરેલ સેવાઓને બિરદાવવા આ વર્ષે ગાંધીનગરમાં આવેલી એસ.એસ.વી. શાળાના નાના ભૂલકાઓએ ડોકટર બનીને તેમનું સન્માન કર્યું હતું અને ભવિષ્યમાં તેઓને પણ ડૉકટર બનીને સમાજની સેવા કરવાનું જણાવ્યું હતું.

'સર્જકની કેફિયત'માં કવિ રમેશ ઠક્કરની સાહિત્ય સફરમાં શ્રોતાઓ તરબોળ થયા

ગાંધીનગર, તા.૨

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા દર મહિને યોજાતી નિયમિત માસિક બેઠકમાં આ વખતે 'સર્જકની કેફિયત' કાર્યક્રમ આયોજિત કરવામાં આવ્યો હતો. ગાંધીનગર સાહિત્યસભાના મહામંત્રી અને આજના સર્જક શ્રી રમેશભાઈ ઠક્કરનો પરિચય સંજય થોરાત દ્વારા આપવામાં આવ્યો હતો.

કવિ, લેખક, વાર્તાકાર, નિબંધકાર તરીકે ખ્યાતિ ધરાવતા અને એડિશનલ કલેકટર મહીસાગર તરીકે નિવૃત્ત થનાર રમેશ ઠક્કરે એમનાં ગામથી વાત શરૂ કરી એમનો વાંચન શોખ, લેખકોની મુલાકાત અને પછી લેખક તરીકે પ્રસ્થાપિત થવાની આખી રસપ્રદ કેફિયત રજૂ કરી હતી જેમાં ઓનલાઈન અને પ્રત્યક્ષ હાજર રહેલા શ્રોતા રસતરબોળ થયા હતા. એમણે દિલથી કરેલી વાતો અને કસાયેલી

કલમની સંવેદનાનું સ્ટેટસ છલકાતું હતું.

ગાંધીનગર સાહિત્યસભા દ્વારા ગયા વર્ષે દિપોત્સવી અંક 'શબદ' પ્રકાશિત કરવામાં આવ્યો હતો અને એની નોંધ ગુજરાતના લગભગ દરેક સાહિત્યકારે લીધી હતી. આ અંક દેશ વિદેશમાં ખ્યાતિ પામ્યો હતો. ગાંધીનગર સાહિત્યસભા આ વર્ષે પણ એમનો દિપોત્સવી અંક પ્રકાશિત કરવા જઈ રહ્યા છે. આ દિપોત્સવી અંકમાં ગાંધીનગર સાહિત્યસભાના સભ્યો અને ગુજરાતના લબ્ધપ્રતિષ્ઠ સાહિત્યકારની રચનાથી શોભાયમાન થઈ પ્રકાશિત કરવામાં આવશે એવી જાહેરાત સલાહકાર કવિ શ્રી કિશોર જિકાદરાએ કરી હતી. આ વિશે પદ્યમાં કવિ શ્રી પ્રતાપસિંહ ડાભી અને ગદ્યમાં ઉપાધ્યક્ષ કલ્પેશ પટેલ દ્વારા આવશ્યક સૂચનાઓ આપવામાં આવી હતી.

જન્મદિને વધામણી

ઉર્મિલા નિકુંજ પૈશ્યક
મો. ૯૪૨૭૬ ૦૭૮૨૪

તન્મય પટેલ

ડો. અતુલ એચ પંડ્યા
મો. ૯૪૨૭૦ ૨૬૭૬૪

ધૃમિલ સુખડિયા

મધુબેન પ્રજાપતિ
લાયોનેસ કલબ ઓફ ગાંધીનગર

અક્ષરાજસિંહ વાઘેલા
મો.૬૩૫૨૬ ૩૫૯૦૧

નિશાંત જિતેન્દ્રભાઈ શર્મા
મો. ૯૧૭૩૧ ૭૫૧૬૧

અમ્માન કુરેશી
મો. ૯૭૨૬૬ ૯૪૧૮૧

રંજનબેન જે શ્રીમાળી
મો. ૯૪૨૭૬ ૨૦૭૨૩

ઝંખના પટેલ



દેસાઈ રામાભાઈ હરરાજભાઈ
મો. ૯૮૯૮૯ ૨૩૧૨૩



અદિતી મનોજકુમાર તપોધન
મો. ૯૯૨૪૫ ૦૯૦૨૦

ઈન્દ્રજિતસિંહ જાડેજા

સરસ્વતી વિદ્યાલય ખાતે વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા.૨

સેકટર-૬ ખાતે સરસ્વતી વિદ્યાલય દ્વારા ઓનલાઈન વૃક્ષારોપણનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જે શાળાના શિક્ષકોએ વિદ્યાર્થીઓને ઓનલાઈન વૃક્ષોનું મહત્વ અને વૃક્ષોની જીવનમાં ઉપયોગિતા વિશે જણાવ્યું હતું. દરેક વિદ્યાર્થીઓને પોત પોતાના ઘરના આંગણામાં એક એક છોડ રોપવાનું સૂચન કર્યું હતું. દરેક વિદ્યાર્થીઓએ ઉત્સાહેર પોતાના ઘરના આંગણામાં છોડ રોપીને વૃક્ષારોપણ કરી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

ચિરવિદાય

● મુક્તિધામ ●

- **સ્વ. ઠાકોર રામાજી કાળાજી,** ઉ.વ. ૩૯, ચાંદીસણા, માણસા
- **સ્વ. ઠાકોર વિષ્ણુભાઈ નાનજીભાઈ,** ઉ.વ. ૪૭, પેથાપુર
- **સ્વ. દંતાણી સવિતાબેન મસુરભાઈ,** ઉ.વ. ૬૦, જીઈબી છાપરાં
- **સ્વ. દેસાઈ મેમાભાઈ ગોવાભાઈ,** ઉ.વ. ૬૦, કરશનપુરા, ટીંટોડા
- **સ્વ. પટેલ વિક્રમભાઈ કૃષ્ણલાલ,** ઉ.વ. ૭૧, જીટીએસ, છાપરાં